પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૦૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૦૪-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# ભાગેડુ ખાલિસ્તાની સમર્થક અમૃતપાલ સિંહની પંજાબ પોલીસે કરી ધરપકડ

ચંડીગઢ,

ભાગેડુ ખાલિસ્તાની સમર્થક અમૃતપાલ સિંહે મોગા પોલીસ સમક્ષ સરન્ડર કર્યું છે. અમૃતપાલ સિંહ અજનાલા ઘટના બાદથી ફરાર હતો. છેલ્લા એક મહિના દરમિયાન પંજાબ પોલીસે અમૃતપાલ સિંહને પકડવા માટે ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા, પરંતુ તેનો પત્તો લાગ્યો ન હતો.



સૂત્રોના જણાવ્યા અનુસાર અમૃતપાલ સિંહને આસામની ડિબ્રુગઢ જેલમાં મોકલવામાં આવશે. આ એ જ જેલ છે જ્યાં તેના ઘણા સાથીઓને પણ રાખવામાં આવ્યા છે. અમૃતપાલ સિંહ વિરુદ્ધ સરકારી કાર્યવાહીમાં અવરોધ, શાંતિ ભડકાવવા જેવા અનેક ગંભીર કેસ નોંધવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે પોલીસે અમૃતપાલની મોગાના રોડે ગામના ગુરુદ્વારામાંથી ધરપકડ કરી હતી.

૧૮ માર્ચથી ફરાર અમૃતપાલ સિંહની ધરપકડ કરવા માટે ઘણા રાજ્યોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. નેપાળ પોલીસે પણ તેને તેમના સર્વેલન્સ લિસ્ટમાં રાખ્યો હતો. કારણ કે વચ્ચે સમાચાર આવ્યા હતા કે અમૃતપાલ નેપાળ થઈને પાકિસ્તાન ભાગી જવાની તૈયારીમાં છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અમૃતપાલ સિંહ એક દિવસ પહેલા જ મોગા પહોંચી ગયો હતો. જ્યાં તેણે ગુરુદ્વારામાં આશરો લીધો હતો. હવે અમૃતપાલ સિંહને લઈને પંજાબ પોલીસનું નિવેદન પણ સામે આવ્યું છે. પોલીસે તેની ધરપકડની પુષ્ટિ કરી છે. પંજાબ પોલીસે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે

## અત્યાર સુધીમાં અનેક સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે

અમૃતપાલ સિંહના આત્મસમર્પણ પહેલા પોલીસે તેના નજીકના સાથી પપ્પલપ્રીત સિંહની ૧૦ એપ્રિલે ધરપકડ કરી હતી. પપ્પલપ્રીત એ વ્યક્તિ હતી જે ફરાર થવા દરમિયાન અમૃતપાલ સિંહ સાથે રહ્યો હતો. પપ્પલપ્રીતની પણ ધરપકડ કરીને તેને આસામની જેલમાં ખસેડવામાં આવ્યો છે. અમૃતપાલ સિંહના ધરપકડ કરાયેલા સહયોગીઓ વિરુદ્ધ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.ત્રણ દિવસ પહેલા પંજાબ પોલીસે અમૃતપાલ સિંહની પત્ની કિરણદીપ કૌરને એરપોર્ટ પરથી અટકાયતમાં લીધી હતી. કિરણદીપ લંડન જવાની તૈયારી કરી રહી હતી, પરંતુ ફલાઈટ પહેલા જ પોલીસે તેને એરપોર્ટ પરથી જ કસ્ટડીમાં લઈ લીધી હતી. અમૃતપાલ પાલ થોડાં મહિના પહેલા લંડનથી પંજાબ પાછો આવ્યો હતો અને ત્યારથી તે વારિસ પંજાબ દે સંગઠનના વડાની જવાબદારી સંભાળી રહ્યો હતો.ફરાર વચ્ચે અમૃતપાલ સિંહના ઘણા વીડિયો પણ સામે આવ્યા છે. ૨૯ માર્ચે જાહેર કરાયેલા એક વીડિયોમાં અમૃતપાલ સિંહે કહ્યું હતું કે કોઈ પણ તેનો વાળ વાંકો ન કરી શકે. તેણે કહ્યું હતું કે, તેના પર સાચા બાદશાહની કૃપા છે. સાચા બાદશાહે મુશ્કેલ સમયમાં આપણી કસોટી કરી છે, પરંતુ પરમાત્માએ ઘણો સાથ આપ્યો છે.

અજનાલની હિંસા બાદ અમૃતપાલ સિંહ પ્રથમ વખત ચર્ચામાં આવ્યા હતા. ૨૩ ફેબ્રુઆરીએ અજનાલામાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે અમૃતપાલ સિંહ તેમના સેંકડો સમર્થકો સાથે તેમના સાથીદારની ધરપકડના વિરોધમાં પોલીસ સ્ટેશનમાં પ્રવેશ્યા હતા. જ્યારે પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો તો હિંસા ફાટી નીકળી. જેમાં અનેક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા.

પંજાબ પોલીસે અમૃતપાલ સિંહની ધરપકડ કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ કરી છે. આ દરમિયાન પોલીસે જણાવ્યું કે તેની એનએસએ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. તેની પાસે બચવાનો કોઈ રસ્તો બચ્યો ન હતો. પંજાબ પોલીસે એનએસએ હેઠળ ૬:૪૫ વાગ્યે તેની ધરપકડ કરી હતી. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ તેને ડિબ્રુગઢ લઈ ગઈ છે અને રવાના થઈ ગઈ છે.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઓપરેશન પંજાબ પોલીસ અને ઈન્ટેલિજન્સનું સંયુક્ત હતું. અમરીપાલ સિંહ ૩૫ દિવસથી દબાણમાં હતો અને ફરાર હતો. કાયદો પોતાનો માર્ગ અપનાવશે અને પંજાબના લોકોએ અત્યાર સુધી શાંતિ જાળવી રાખી છે, જેના માટે લોકોનો આભાર. પંજાબમાં કોઈને પણ વાતાવરણ બગાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને જે પણ આ પ્રકારનું કામ કરશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સવારે પોલીસે સંયમ સાથે ગામને ઘેરી લીધું અને જાણ્યું કે ગુરુદ્વારા સાહિબ અંદર છે. પોલીસે ગુરુદ્વારા સાહિબનું સન્માન કર્યું અને તેની અંદર ન ગઈ. તેમને ઘેરાયેલા હોવાનો સંદેશો ગયો હતો અને રોડેગાંવથી તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સવારે પોલીસે સંયમ સાથે ગામને ઘેરી લીધું અને જાણ્યું કે ગુરુદ્વારા સાહિબ અંદર છે. પોલીસે ગુરુદ્વારા સાહિબનું સન્માન કર્યું અને તેની અંદર ન ગઈ. તેમને ઘેરાયેલા હોવાનો સંદેશો તેમને ગયો હતો. આ પછી તેની રોડેગાંવથી ધરપકડ કરવામાં આવી હતી.તમને જણાવી દઈએ કે, પંજાબ પોલીસ અમૃતપાલ સિંહને વિમાનમાં ડિબ્રુગઢ લઈ જઈ રહી છે. તેને ભટિંડા એરપોર્ટથી વિશેષ વિમાનમાં ડિબ્રુગઢ લઈ જવામાં આવી રહ્યો છે.

# દેશમાં કોરોનાનો કહેર ! એક જ દિવસમાં ફરી ૧૦ હજારથી વધુ કેસ, એક્ટિવ કેસ ૬૭,૮૦૬ પર પહોંચ્યા

નવીદિલ્હી,

દેશમાં કોરોનાના કેસમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં, કોરોનાના ૧૦૧૧૨ નવા કેસ નોંધાયા છે, જે પછી કુલ સક્રિય કેસની સંખ્યા ૬૭ હજારને વટાવી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ સક્રિય કેસ વધીને ૬૭૮૦૬ થઈ ગયા છે.



આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૩૩ દર્દીઓ સાજા પણ થયા છે. જો કે દેશના કેટલાક મોટા રાજ્યોમાં સ્થિતિ ચિંતાજનક છે. આ પહેલા શનિવારે કોરોનાના ૧૨૧૯૩ નવા કેસ નોંધાયા હતા જ્યારે ૪૨ લોકોના મોત થયા હતા. તમને જણાવી દઈએ કે, કેરળમાં સ્થિતિ સૌથી ખરાબ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

જ્યારે કોરોનાનું પહેલું મોજું આવ્યું ત્યારે પણ કોરોનાનો પહેલો કેસ અને પહેલું મોત કેરળમાં જ થયું હતું. આ સિવાય દિલ્હી અને મહારાષ્ટ્રમાં પણ કોરોના ધીમે ધીમે ફેલાઈ રહ્યો છે.બીજી તરફ, કોરોનાના વધતા જતા કેસોને જોતા કેન્દ્ર સરકારે રાજ્યોને અગાઉથી સતર્ક રહેવા જણાવ્યું છે. ખાસ કરીને એવા ૮ રાજ્યો પર કડક દેખરેખ રાખવાની સૂચના છે જ્યાં કોરોનાના કેસ વધી રહ્યા છે. આ ૮ રાજ્યોમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, કેરળ અને તમિલનાડુનો સમાવેશ થાય છે. કોરોનાના ૧૨૧૯૩ નવા કેસ નોંધાયા, જે પછી સક્રિય કેસોની સંખ્યા વધીને ૬૭૫૫૬ થઈ ગઈ. આ સિવાય ૪૨ લોકોના મોત થયા હતા જેમાં ૧૦ એકલા કેરળના હતા.

# શિંદે સરકારનું ડેથ વોરન્ટ ઈશ્યૂ થઈ ચૂક્યું છે ૧૫-૨૦ દિવસમાં સરકાર પડી જશેઃ રાઉત

મુંબઇ

શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ)ના નેતા સંજય રાઉતે રવિવારે દાવો કર્યો કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની સરકારનું ડેથ વોરન્ટ ઈશ્યૂ થઈ ચૂક્યું છે અને આ સરકાર ૧૫-૨૦ દિવસમાં પડી જશે. સંજય રાઉતે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, તેમની પાર્ટી કોર્ટની રાહ જોઈ રહી છે. અમે આશા રાખીએ છીએ કે, અમારી સાથે ન્યાય થશે. રાજ્યસભાના સાંસદ સુપ્રીમ કોર્ટના એ કેસની વાત કરી રહ્યા હતા, જેમાં શિવસેનાના ૧૬ બળવાખોર ધારાસભ્યોની અયોગ્યતાનો નિર્ણય થવાનો બાકી છે.

શિવસેનાના ઘણા નેતાઓએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વને માનવાની ના પાડતા પોતાનું સમર્થન એકનાથ શિંદે ગ્રુપને આપી દીધું હતું. ધારાસભ્યોની આ બળવા વિરુદ્ધ ઉદ્ધવ ઠાકરે ગ્રુપે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને ૧૬ બળવાખોર ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવાની માગ કરી હતી. સંજય રાઉતે કહ્યું કે, હાલના મુખ્યમંત્રી અને તેમની ૪૦ ધારાસભ્યોની સરકાર ૧૫ થી ૨૦ દિવસોમાં પડી જશે. આ સરકારનું ડેથ વોરંટ ઈશ્યૂ થઈ ચૂક્યું છે. હવે બસ નિર્ણય થવાનો છે કે તેના પર હસ્તાક્ષર કોણ કરશે.

ગયા વર્ષે જૂનમાં જ શિવસેનાના નેતા એકનાથ શિંદેએ મહાવિકાસ અઘાડી સરકારમાં રહેતા બળવો કરી દીધો હતો. એકનાથ શિંદેએ શિવસેનાના ૩૯ ધારાસભ્યોને લઈને પોતાનું અલગ ગ્રુપ બનાવ્યું હતું, ત્યારબાદ મહારાષ્ટ્રના રાજકારણમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. એકનાથ શિંદે મહાવિકાસ અઘાડીને તોડવા અને ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન બનાવ્યું હતું. તેમણે તેની પાછળ વૈચારિક મતભેદો અને કોંગ્રેસ પાર્ટી અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી) દ્વારા અનુચિ વ્યવહારને કારણ બતાવ્યું હતું. સાથે જ શિંદેએ તાત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પર પણ ઘણા આરોપ લગાવ્યા હતા.




**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# બાલાશિનોરના ૪૪ ગામમાં સફાઈની રૂા.૧૪.૧૬ લાખ ગ્રાન્ટ પહોંચી જ નહીં

**- બાલાસિનોર ૧૬ કલાક પહેલાં જાન્યુઆરીથી માર્ચ મહિનાની ગ્રાન્ટ પેન્ડિંગ રહેતા અનેક કામો અટવાયાં.**
**- તાલુકા પંચાયતના રગશિયા ગાડા જેવા વહીવટને પગલે સરપંચોમાં રોષ.**

બાલાસીનોર,

બાલાસિનોર તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી કામ પદ્ધતિને લઈને દિન પ્રતિદિન વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. ત્યારે તાલુકા વિકાસ અધિકારીની અનેક બીલો સહિત ગ્રાન્ટના ચેકમાં સહી ન કરવાના પગલે ગ્રાન્ટોના રૂપિયા ગ્રામ પંચાયત સુધી પહોંચ્યા નથી.

મળતી વિગતો અનુસાર બાલાસિનોર તાલુકા પંચાયત અંતર્ગત બાલાસિનોર તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી સ્વચ્છ ગામ,સ્વસ્થ ગામની રકમ તેમજ અન્ય ગ્રાન્ટમળીને જાન્યુઆરી મહિનાથી લઈ માર્ચ ૨૦૨૩ સુધીની રૂ.૧૪.૧૬ લાખ માતબાર રકમની ગ્રાન્ટ તાલુકા વિકાસ અધિકારીની આળસના પગલે ચેક પર સહી ન કરતા આજદિન સુધી આ ગ્રાન્ટ તાલુકામાંથી ગ્રામ પંચાયત સુધી પહોંચી નથી.જ્યારે અનેક ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા કરવામાં આવેલા વિકાસના કામો જેના બિલો છેલ્લા કેટલાય સમયથી બિલ પાસ કરવા માટે તાલુકા વિકાસ અધિકારી ટેબલ પર પડેલા બીલમાં સહી ન કરતા ગ્રામ પંચાયતના કેટલાય સરપંચોના બિલો અટવાયા હોવાનું જાણવા મળેલ છે. ત્યારે બાલાસિનોર તાલુકા પંચાયતના સદસ્યો સહિત ગ્રામ પંચાયતના સરપંચ તાલુકા પંચાયતના રગશિયા ગાડા જેવા વહીવટને પગલે ત્રાહિમામ પોકારી ગયા છે.લિસ્ટ તૈયાર કરી દીધું છે, સાહેબ આવે તો સહી થશે.આ બાબતે ગ્રાન્ટનું લિસ્ટ બનાવતા કલાર્ક અક્ષયભાઈ ભમાતને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે, મેં પહેલા લિસ્ટ તૈયાર કર્યું હતું. જેમાં ભૂલ આવતા બીજું લિસ્ટ તૈયાર છે, પણ સહી કરે એટલે જમા થઈ જાય એમ છે.

# શહેરાના બોરીયા ગામે સરપંચ વિરૂદ્ધ લવાયેલી અવિશ્વાસ દરખાસ્તમાં સરપંચને ૧૦ સભ્યોનું સમર્થન મળ્યું

શહેરા,

શહેરા તાલુકાની બોરીયા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વિરૂદ્ધ કરાયેલ અવિશ્વાસની દરખાસ્તને લઈ ગ્રામ પંચાયત કચેરી ખાતે સામાન્ય સભા બોલાવાઈ હતી. જેમાં ગ્રામ પંચાયતના તમામ ૧૦ સભ્યોનું સરપંચને સમર્થન મળતા અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ ન હતી.

શહેરા તાલુકાની બોરીયા ગ્રામ પંચાયતના ૭ જેટલા સભ્યો દ્વારા ગત તા.૨૯ માર્ચના રોજ તાલુકા પંચાયત કચેરી ખાતે આવીને તાલુકા વિકાસ અધિકારી સમક્ષ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જેમાં બોરીયા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ અને તેઓના પતિ દ્વારા પંચાયત સભ્યોને વિશ્વાસમાં લીધા વગર એક તરફી વહીવટી કરતા હોય તેમજ સરપંચ પદે મહિલા સરપંચ હોવા છતાં તેઓના પતિ પંચાયતનો વહીવટી કરતા હોય અને નાણાંપંચના કામો કરેલ ન હોવા છતાં પંચાયત સભ્યોની જાણ બહાર નાણાં ઉપાડી લીધા હોવા બાબતે મહિલા સરપંચ કાળીબેન ધામોત વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરાઈ હતી. જે સંદર્ભે શુક્રવારના રોજ બોરીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે વિસ્તરણ અધિકારી એમ.એમ.ડામોરની હાજરીમાં અને પોલીસ બંદોબસ્ત વચ્ચે સામાન્ય સભાની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ગ્રામ પંચાયતના મહિલા સરપંચ કાળીબેન ધામોત સહિત ગ્રામ પંચાયતના ૧૦ સભ્યો હાજર રહ્યા હતા. ત્યારબાદ સરપંચ સામે કરાયેલી અવિશ્વાસની દરખાસ્તને લઈ મતદાન શરૂ કરવામાં આવતા ગ્રામ પંચાયતના તમામ ૧૦ સભ્યોએ હાથ ઉંચા કરીને સરપંચની તરફેણમાં મતદાન કર્યું હતું. જેની સામે સરપંચની વિરૂદ્ધમાં મતદાન નહીં થતાં અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો થયો હતો. આમ, બોરીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાયેલી સામાન્ય સભામાં સરપંચ સામે કરાયેલ અવિશ્વાસની દરખાસ્ત પસાર ન થતા મહિલા સરપંચ કાળીબેન રમેશભાઈ ધામોતે હાશકારો અનુભવ્યો હતો અને તેઓ સરપંચ પદે ચાલુ રહેશે.

## કુખ્યાત ઈરાની ગેંગની પિતા-પુત્રની જોડી પકડાઈ

# ગુજરાતમાં ચોરી કરીને મહારાષ્ટ્ર જતા, પરિવારની મહિલાઓ પણ ચોરીમાં મદદગાર

વાપી,

વલસાડ જિલ્લા અને પડોશી રાજ્ય મહારાજ સહિત દેશના અનેક રાજ્યોમાં સિનિયર સિટીઝનોને ટાર્ગેટ બનાવી છેતરપિંડી કરતી કુખ્યાત ઈરાની ગેંગને આખરે વલસાડ જિલ્લા પોલીસે દબોચી છે. ગેંગના મુખ્ય સૂત્રધારો સબંધે પિતા પુત્ર છે. અને તેમનો પરિવાર પણ ગુનાઓમાં સંડોવાયેલો હતો. આ ગેંગ પોલીસ તરીકેની ઓળખ આપી અને સિનિયર સિટીઝનોને ટાર્ગેટ બનાવતી હતી અને ત્યારબાદ છેતરપિંડી કરી અને દાગીના ઉતરાવી અને પળભરમાં જ છુંમંતર થઈ જતી હતી. આમ પોલીસે ગેંગના મુખ્ય સૂત્રધારો એવા પિતા પુત્રની ધરપકડ કરી સળિયા પાછળ ધકેલી દીધા છે.

રાજયના છેવડે આવેલા વલસાડ જિલ્લા અને પડોશી રાજ્ય મહારાષ્ટ્ર શહીત દેશના અનેક રાજ્યોમાં છેલ્લા કેટલાક સમયથી ઈરાની ગેંગ ગુનાઓની દુનિયામાં તરખાટ મચાવી રહી હતી. શાતિર મોડેસ ઓપરેન્ડી ધરાવતી આ ગેંગ મોટેભાગે સીનીયર સીટિઝન્સને નિશાન બનાવતી હતી. અને પોલીસ તરીકેની ઓળખ આપી અને આગળ ગુનો બન્યો છે. આથી દાગીના ઉતારવા પડશે તેવું જણાવ્યું અને સિનિયર સિટીઝનો પાસેથી દાગીના ઉતરાવી અને નજર ચૂકવી દાગીના લઈ અને ફરાર થઈ જતા હતા. આમ વલસાડ જિલ્લામાં પણ વાપી વલસાડ સહિત અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસની ઓળખ આપી અને સિનિયર સિટીઝનો પાસેથી દાગીના પડાવી લેતી ગેંગ સક્રિય થઈ હતી. વાપીમાં આ પ્રકારના બે ગુનાઓ પોલીસ ચોપડે નોંધાતા વલસાડ જિલ્લાભરની પોલીસ આ ઈરાની ગેંગને ઝબ્બે કરવા પ્રયાસ કરી રહી હતી. એ વખતે જ વલસાડ જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસે વાપીમાંથી બે આરોપીઓની અટકાયત કરી હતી. ત્યારબાદ આગવી ઢબે પૂછપરછ કરતા આરોપીઓ ઈરાની ગેંગના સભ્યો હોવાનું બહાર આવ્યું હતું. જેઓ વાપી સહિત આસપાસના વિસ્તારમાં અનેક ગુનાઓને અંજામ આપી અને પોલીસને હંફાવી રહ્યા હતા.

ઈરાની ગેંગની મોડસ ઓપરેન્ડી પણ ગજબની હતી. જેઓ પોલીસની ઓળખ આપી અને છેતરપિંડી આચરતા હતા. ઝડપાયેલ આરોપી કામ્બર અલી જાફરીની ઉમર ૭૬ વર્ષ છે. તો તેનો જ દીકરો નાદર અલી જાફરની ઉમર ૫૮ વર્ષ છે. બંને મહારાષ્ટ્રના ભિવંડીના રહેવાસી છે. આ ઈરાની ગેંગ તરીકે કુખ્યાત આ ગેંગના સાગરીતો ૨ બાઈક લઈ મહારાષ્ટ્રની બોર્ડર પાર કરી વલસાડમાં પ્રવેશ કરતા અને ગુના આચરી ફરી મહારાષ્ટ્રમાં પલાયન થઈ જતા હતા. વલસાડ પોલીસે આરોપીના સીસીટીવી પણ જપ્ત કર્યા છે.

ઈરાની ગેંગમાં આરોપીઓના પરિવારની મહિલાઓ પણ ગુનાઓમાં સામેલ હતી. પરિવારની મહિલાઓ બની અને મહેંદીનો મુદ્દા માલ વેચવા માટે જતી હતી. આમ પરિવારના પુરુષો ગુનાઓને અંજામ આપતા અને ત્યારબાદ છેતરપિંડી કરેલા દાગીના અને કીમતી સામાનને વેચવા મહિલાઓ સંડોવાયેલી હતી. આથી પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતા ઈરાની ગેંગે વલસાડ જિલ્લા ઉપરાંત પડોશી રાજ્ય મહારાષ્ટ્ર સહિત દેશના અનેક રાજ્યોમાં આ પ્રકારે અનેક ગુનાઓને અંજામ આપી ચૂક્યા છે તેવુ જણાવ્યું. આ તમામ આરોપીના મોટા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. વલસાડ જિલ્લામાં આચરેલ ૩ ગુના હાલ ડિટેક્ટ થયા છે.

ગુનાઓની દુનિયામાં કુખ્યાત ઈરાની ગેંગના સભ્યો પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં રહેતા હતા. જોકે ત્યાંથી ગુજરાત અને મહારાષ્ટ્રની હદ વટાવી ગુજરાતની છેવાડાના વિસ્તારોમાં આવી રીતે સિનિયર સિટીઝનો સાથે છેતરપિંડી આચરી પાછા મહારાષ્ટ્રમાં ફરાર થઈ જતા હતા. આથી આ ગેંગનું પગેરું મેળવવા માટે પોલીસને મુશ્કેલરૂપ સાબિત થઈ રહ્યું હતું. પરંતુ વલસાડ એલસીબી પોલીસની સક્રિયતા અને બાતમીદારોના નેટવર્ક સહિત આધુનિક સર્વેલન્સના આધારે આખરે આ ગેંગના બે સાગરીતો પિતા પુત્ર ઝડપાઈ ગયા હતા .અને બાકીના આરોપીઓને શોધવા પોલીસે તપાસ તેજ કરી છે. ત્યારે આગામી સમયમાં આ ઈરાની ગેંગે આચરેલા અનેક ગુનાઓના ભેદ ઉકેલવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

# શહેરા-ગોધરા હાઈવે રોડ એપલ હોટલ પાસે અલ્ટોને અકસ્માત નડતા ચાલકને સામાન્ય ઈજાઓ



શહેરા,

શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલ રેડ એપલ હોટલ પાસે અલ્ટો કારને અકસ્માત નડ્યો હતો,જેમાં કાર ચાલકને નજીવી ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયો હતો.

પંચમહાલ જિલ્લાના શહેરા-ગોધરા હાઈવે માર્ગ ઉપર આવેલ રેડ એપલ હોટલ પાસે વડોદરા જઈ રહેલા કાર ચાલકને અકસ્માત નડ્યો હતો. જેની વાત કરીએ તો અલ્ટો કાર નંબર જીજે.૩૫.એન.૦૮૦૯ નો ચાલક લેબોરેટરીના કામ અર્થે લુણાવાડા થી વડોદરા તરફ જઈ રહ્યો હતો. તે સમય દરમિયાન શહેરા-ગોધરા હાઈવે પર આવેલ રેડ એપલ હોટલ પાસે સામેના રોડ પરથી પસાર થતાં વાહનના લાઈટ થી અંજવાઈ જતા અલ્ટો કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અલ્ટો કાર સામેના રોડ તરફ જતી રહી હતી. જેને લઈને અલ્ટો કારના ચાલકને નજીવી ઈજાઓ પહોંચતા આસપાસના સ્થાનિક લોકો તેમજ વાહન ચાલકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ૧૦૮ એમ્બ્યુલન્સે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત કાર ચાલકને સારવાર અર્થે શહેરા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, આ અકસ્માતની ઘટનામાં અલ્ટો કારને નુકશાન પહોંચ્યું હતું. અકસ્માતની જાણ થતાં શહેરા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમમાં યોજાયેલી બે દિવસીય ટેક્સ્ટાઈલ શિબીરમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલનો દાવો

રાજકોટ

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત બે દિવસીય ટેક્સ્ટાઈલ શિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા સૌરાષ્ટ્ર અને તમિલનાડુના ટેક્સ્ટાઈલને લગતા ઉદ્યોગકારો, ખેડૂત પ્રતિનિધિઓ, વેપારીઓએ સંવાદ કર્યો હતો અને વિચારોની આપલે કરી હતી. કેન્દ્રીય ટેક્સ્ટાઈલ મંત્રી પિયુષ ગોયલે દાવો કર્યો હતો કે સૌરાષ્ટ્ર તમિલ સંગમથી સૌરાષ્ટ્રમાં કપાસનું ઉત્પાદન લેતા ખેડૂતોને લાભ મળશે અને ખેડૂતોને ટેકાના ભાવ કરતા વધારે ભાવ મળશે.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું હતું કે બે દિવસીય શિબીરમાં ગુજરાત અને તમિલનાડુને ટેકસટાઈલ હબ બનાવવાની અનેક યોજનાઓ અને અનેક આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પિયુષ ગોયલે કહ્યું હતુ કે ગુજરાતનું હેલ્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ વિશ્વભરમાં પ્રખ્યાત છે ત્યારે તેને તૈયાર કરવા માટે રો મટિરીયલ્સ જે જોઈએ તે કપાસનો ભાવ છેલ્લા બે વર્ષથી ટેકાના ભાવ કરતા વધારે છે.

એક સમયે ખેડૂતને ભાવ મળતા ન હતા ત્યારે સરકારે મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી. હવે ખેડૂતોને ટેકાના ભાવ કરતા વધારે ભાવ મળી રહ્યો છે. બે દિવસીય શિબીરમાં ઉધોગકારોનો જે ઉત્સાહ છે તે જોતા ખેડૂતોને કપાસમા બમ્પર ભાવ મળશે તેવો દાવો કર્યો હતો.

સૌરાષ્ટ્ર અને તમિલનાડુ વચ્ચે ચાલી રહેલી બે દિવસીય શિબીર બાદ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ,જ્યોત્સનાબેન જરદોષ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દેશભરના હેન્ડીક્રાફ્ટ-હેન્ડલુમ માટે ઓપન બજાર ખુલ્લુ મૂકવામાં આવ્યુ હતું. આ અંગે એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. દેશભરના કારીગરો-વેપારીઓને ગ્લોબલ માર્કેટ પુરૂ પાડશે. આ એપ્લિકેશનનું નામ 'મારી પહેચાન આપણી ડિજિટલ દુકાન' ટેગલાઈન રાખવામાં આવી હતી.

રાજ્ય સહિત દેશમાં જ્યાં કપાસમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો હતો. જે અંગે પિયૂષ ગોયલે કહ્યું હતું કે ગુલાબી ઈયળનો ઉપદ્રવ દૂર થાય તે માટે સરકાર ચિંતિત છે. સરકારે કૃષિવિભાગ સાથે મળીને અનેક બેઠકો કરી છે અને કૃષિ વિભાગના વૈજ્ઞાનિકો સાથે મળીને આ દિશામાં પ્રયત્નશીલ છીએ. જલદી સંશોધન થાય અને ગુલાબી ઈયળનો ઉપદ્રવ દૂર થાય તે દિશામાં પ્રયત્નશીલ છે.

# અતીક અહેમદની પત્ની શાઈસ્તા માટે ધરણા પર બેઠેલા એક વૃદ્ધ, બેનર પર લખ્યું- શા માટે શાઈસ્તાની શોધ?





ગોરખપુર,

માફિયા અતીક અહેમદ અને તેના ભાઈ અશરફની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. અતીક પહેલા તેના પુત્ર અસદની હત્યા કરવામાં આવી હતી. શાઈસ્તા પરવીન ઉમેશ પાલ મર્ડર કેસ બાદથી ફરાર છે. અતીકના મૃત્યુ બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે શાઈસ્તા શરણે થઈ શકે છે. દરમિયાન, ગોરખપુરમાં, એક વૃદ્ધ વ્યક્તિ "શા માટે શાઈસ્તા કી તલાશ ક્યૂં" બેનર સાથે ધરણા પર બેઠા છે, જે ચર્ચાનો વિષય બન્યો છે.મળતી માહિતી મુજબ, ગોરખપુર યુનિવર્સિટીમાં ૬ વર્ષ સુધી પ્રોફેસર રહેલા ડૉ.સંપૂર્ણાનંદ મોલ ત્રણ મુદ્દાની માંગ સાથે ગોરખપુરના ટાઉન હોલમાં ગાંધી પ્રતિમા નીચે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ સંદર્ભે સરકારે કોઈ કારણ વગર અતીક અહેમદના પરિવારને મુશ્કેલી ન પહોંચાડવી જોઈએ અને કાયદાકીય પદ્ધતિનું પાલન કરવું જોઈએ. પોલીસ જે રીતે અતીક અહેમદની પત્ની શાઈસ્તાને હેરાન કરી રહી છે તે યોગ્ય નથી. આવી રીતે ફરતી કોઈપણ સ્ત્રી આપણા બધા માટે શરમજનક છે. હું સરકાર અને પ્રશાસન પાસે માંગ કરું છું કે શાઈસ્તાને આ રીતે બિનજરૂરી રીતે હેરાન કરવામાં ન આવે, કાયદાના દાયરામાં રહીને કાર્યવાહી કરવામાં આવે.

તમને જણાવી દઈએ કે મેડિકલ ટેસ્ટ માટે જઈ રહ્યા હતા ત્યારે માફિયા અતીક અહેમદ અને તેના ભાઈ અશરફની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. જેના કારણે બંને ભાઈઓના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. પત્રકાર બનીને આવેલા ૩ યુવકોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. આ ઘટના બાદ વિપક્ષે કાયદો અને વ્યવસ્થાને લઈને વર્તમાન સરકારને ઘેરી હતી. હત્યા કેસમાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

## આપની આજ.......

મેષ:રોજગાર ક્ષેત્રે પ્રગતિ થશે અને પ્રતિષ્ઠા વધશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકો માટે સમય ફાયદાકારક છે, કુશળતા અને વર્તનથી બધું પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ: જીવનસાથી સાથે સારો સમય વિતાવશો, પરંતુ માતાના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખો. પારિવારિક અસમાનતા મુશ્કેલીમાં વધારો કરી શકે છે. પારિવારિક સમસ્યાઓ અંગે કોઈ નિર્ણય લેવાનું મુશ્કેલ રહેશે.

મિથુન: રાજકારણથી સંબંધિત મૂળ લોકોને લાભ થશે અને વિદ્યાર્થીઓ માટે પણ સમય અનુકૂળ છે. વ્યવસાયમાં સમયસર લેવામાં આવેલા નિર્ણયો તમારા માટે ભવિષ્યમાં લાભ મેળવવા માટે અસરકારક સાબિત થઈ શકે છે.

કર્ક: વિદ્યાર્થીઓને ઈચ્છિત ક્ષેત્રમાં શિક્ષણ મેળવવા માટે વધુ મહેનતની જરૂર રહેશે. ખોટી રીતે પૈસા કમાવવાનું ટાળો. ધંધામાં વધુ ઉત્સાહ અને ઉતાવળથી કામ બગડી શકે છે, તેથી સાવધાનીથી કામ કરો, નહીં તો તમારે ઓછા ફાયદાથી સંતુષ્ટ થવું પડશે.

સિંહ: વ્યવસાયના ક્ષેત્રમાં મોટું રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. કૌટુંબિક સંપર્કો ફાયદાકારક રહેશે અને તેમની સહાયથી બાકી રહેલા સરકારી કામો પણ પૂર્ણ થશે.

કન્યા: વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઈચ્છિત સફળતા મળશે. રોજગારમાં લાયકાત વિકસાવવાથી લાભ થશે અને આવકમાં પણ વધારો થશે. વ્યવસાય સાથે સંકળાયેલા લોકો વિવિધ ક્ષેત્રોમાં તેમની વિશ્વસનીયતા પ્રાપ્ત કરશે અને ઘણા અનુભવો પણ મેળવશે, જેનો લાભ ભવિષ્યમાં મળશે.

તુલા: વ્યસ્તતાની વચ્ચે જીવનસાથીને સમય આપવો એ સંબંધને મજબૂત બનાવશે. રાજકારણથી સંબંધિત લોકોના વર્ચસ્વમાં વધારો થશે. બપોરથી સારા સમાચાર આવતા રહેશે, તેથી જે કાર્ય થવાની અપેક્ષા છે તે કરો.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે વિશેષ સફળતા મળશે અને જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે. પિતાના માર્ગદર્શનથી તમારા બધા અટકેલા કામ પૂરા થશે. પેટ અને આંખના દુ:ખાવાને કારણે આરોગ્ય પર અસર થઈ શકે છે, જે કાર્યસ્થળમાં અસ્થિરતા તરફ દોરી જશે.

ધન: માતાપિતાની સેવા કરવાની તક મળશે અને તેમના આશીર્વાદથી અનેક ખરાબ કામો સરળતાથી પૂરા થશે. બાળકોને લગતી કોઈ શુભ માહિતી પ્રાપ્ત કરવાથી ચિંતામાંથી મુક્તિ મળશે. ધંધામાં મહેનત બાદ ઈચ્છિત લાભ મળશે. તમારે તમારા જીવનસાથી સાથે ઘણી દૂર મુસાફરી પણ કરવી પડી શકે છે.

મકર: પરિવારમાં તમારું માન-સન્માન વધશે અને કોઈ જૂના મિત્રની મુલાકાત ખૂબ ફાયદાકારક રહેશે. ભાઈઓના સહયોગથી ધંધાકીય કાર્યો કરવામાં આવશે અને નફાકારક સાહસ પણ ચલાવવામાં આવશે. બપોર પછી માનસિક ગૂંચવણોને કારણે માથાનો દુખાવો થવાની સંભાવના રહેશે.

કુંભ: પરિવારના સભ્યો સાથે ભવિષ્યની યોજનાઓની ચર્ચા કરશે. જો તમે કોઈ ન્યાયિક બાબતમાં સામેલ છો, તો સંજોગો તમારા પક્ષમાં હશે. વ્યવસાયમાં અણધાર્યા વિક્ષેપને લીધે નફાના માર્જિન પર અસર થઈ શકે છે. જો કે, તેની સાથે વ્યવહાર કરવામાં અજાણ્યાઓનો સહયોગ મળી શકે છે.

મીન: ગણેશજી કહે છે, આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વિદ્યાર્થીઓએ ભવિષ્ય વિશે વધુ જાગૃત રહેવાની જરૂર રહેશે. અનૈતિક પ્રવૃત્તિઓથી દૂર રહો નહીં તો સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે. વાહન અને મકાન સંબંધિત સમસ્યાઓ તેમના માથામાં વધારો કરી શકે છે.

## મોદીનો લોકપ્રિય કાર્યક્રમ મન કી બાત: સાંભળવા માટે નવ લાખ લોકોને આમંત્રણ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતની ૧૦૦મી આવૃત્તિ ૩૦ એપ્રિલે સવારે ૧૧ વાગ્યે પ્રસારિત થશે

ચંડીગઢ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતની ૧૦૦મી આવૃત્તિ ૩૦ એપ્રિલે સવારે ૧૧ વાગ્યે પ્રસારિત થશે. પીએમ મોદી પોતાના મનની વાત નથી કરતા, દેશના મનની વાત કરે છે. રાજકીય નહીં, પીએમ મોદી સંસ્કૃતિ, મૂલ્યો અને સામાજિક ચિંતાઓની વાત કરે છે. બદલી મતવિસ્તારમાં વિભાગીય સ્તરે આયોજિત કાર્યકારી સમિતિની બેઠકોને સંબોધિત કરતી વખતે હરિયાણા ભાજપના અધ્યક્ષ ઓમપ્રકાશ ધનખરે આ વાત કહી. તેમણે કહ્યું કે ૧૦૦ કાર્યકરો અને નાગરિકો પીએમ મોદીના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતની ૧૦૦મી આવૃત્તિને હરિયાણાના તમામ ૯૦ વિધાનસભા મતવિસ્તારોમાં ૧૦૦-૧૦૦ સ્થળોએ એકસાથે સાંભળે તેવો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. દેશ અને રાજ્યના લોકો મોદીજીને સાંભળવાનું પસંદ કરે છે કારણ કે તેઓ દેશને આગળ લઈ જવાની વાત કરે છે. મન કી બાત કાર્યક્રમ દ્વારા પીએમ મોદી એવા લોકો, સંસ્થાઓ, સંસ્થાઓ, સંસ્થાઓ વગેરેને પ્રોત્સાહિત કરે છે જેઓ જીવન અને સમાજના સુધાર માટે નોંધપાત્ર કાર્ય કરે છે.

ધનખરે કહ્યું કે ૨૧ અને ૨૨ એપ્રિલે હરિયાણા ભાજપ કાર્યક્રમની તૈયારીઓને લઈને રાજયના તમામ વિધાનસભા ક્ષેત્રોના ૩૧૧ મંડલોમાં બેઠક યોજી રહી છે. આ બેઠકો દ્વારા નવ લાખ લોકોને આમંત્રિત કરવાની વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે. બેઠકમાં પક્ષની સંગઠનાત્મક ગતિવિધિઓ અને ભાવિ કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી રહી છે. ધનખરે કહ્યું કે ૨૩ એપ્રિલે કૈથલમાં રાજ્ય સ્તરે ધન્ના ભગતની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ અને તેઓ પોતે હાજર રહેશે. તેમણે માહિતી આપી હતી કે ૨૩ જૂન સુધીમાં તમામ પાંચ લાખ પન્ના પ્રમુખોની પરિષદો પૂર્ણ થઈ જશે.

હરિયાણા ભાજપના અધ્યક્ષ ઓમપ્રકાશ ધનખરે કહ્યું કે સરકાર મંડીઓમાં પહોંચતા દરેક અનાજની ખરીદી કરી રહી છે. ખરીદી સુવ્યવસ્થિત અને સુચારૂ રીતે ચાલી રહી છે. હરિયાણા સરકાર વેલ્યુ કટ ચૂકવી રહી છે. સમગ્ર નાણા ખેડૂતોના ખાતામાં જાય છે. વિપક્ષને તથ્યો વગર વાત કરવાની આદત પડી ગઈ છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૬માં લાગુ કરાયેલ પાક વીમા યોજના હેઠળ ખેડૂતોને ૬૧૭૬ કરોડ રૂપિયાનું રાહત વળતર મળ્યું છે. જ્યારે ખેડૂતોએ પ્રીમિયમ તરીકે માત્ર રૂ. ૧૫૭૭ કરોડ ચૂકવ્યા છે, હરિયાણા સરકારે રૂ. ૨૦૬૪.૮૯ કરોડ ચૂકવ્યા છે અને ભારત સરકારે રૂ. ૧૭૮૫.૨૪ કરોડ ચૂકવ્યા છે એટલે કે કુલ પ્રીમિયમ રૂ. ૫૪૨૭ કરોડ છે. એટલે કે વીમા કંપનીઓએ ખેડૂતોને ૭૪૯ કરોડ રૂપિયા વધુ ચૂકવ્યા છે. તેમણે કહ્યું કે અમારી સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોલિસી હેઠળ ૩૯૦૨.૪૩ રૂપિયાની વળતરની રકમનું વિતરણ કર્યું છે. માર્ચ ૨૦૨૩ સુધીમાં, અમારી સરકારે બંને યોજનાઓ હેઠળ રાજ્યના ૨૬.૪૯ ખેડૂતોને રાહત વળતર તરીકે રૂ. ૯૮૮૬.૨૭ કરોડનું વિતરણ કર્યું છે. ધનખરે કહ્યું કે કોંગ્રેસ હરિયાણામાં પોતાનું સંગઠન પણ સ્થાપિત કરવામાં સક્ષમ નથી. ભાજપ પન્ના પ્રમુખ સુધી પહોંચી ગયું છે. દેશની સમજદાર જનતાએ કોંગ્રેસને નકારી કાઢી છે, તેથી કોંગ્રેસીઓ નારાજ છે. જિલ્લા પ્રભારી મહેશ ચૌહાણ, પૂર્વ કમિશનર દિનેશ શાસ્ત્રી, રોહતક લોકસભાના કન્વીનર આનંદ સાગર, સર્કલ કન્વીનર વિનોદ ભટેડા, સર્કલ પ્રમુખ વિનોદ બધસા, બસંત ગુલિયા, સંદીપ હસનપુર, ભીષ્મપાલ સિંહ, રમેશ સુહરા, સોમવીર કોડન, તેજપાલ લુહારી સહિત મંડલ સ્તરીય બેઠકો યોજાઈ હતી. કારોબારી સભ્યો હાજર રહ્યા હતા

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

# સોશિયલ મીડિયાનો સદઉપયોગ : દાહોદના ચંદવાણાના શિક્ષકની એક પોસ્ટથી સરકારી શાળાના ગરીબ બાળકોને ભોજન સાથે ફ્રૂટ મળતા થયા

**સોશિયલ મીડિયાનો સદઉપયોગ : દાહોદના ચંદવાણાના શિક્ષકની એક પોસ્ટથી સરકારી શાળાના ગરીબ બાળકોને ભોજન સાથે ફ્રૂટ મળતા થયા.**



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ,
દાહોદ જિલ્લાની એક સરકારી શાળાના શિક્ષક સોશિયલ મીડિયાનો સદઉપયોગ કરી સરકારી શાળાના અનેક ગરીબ વિદ્યાર્થીઓ માટે મદદરૂપ બન્યા છે. ચંદવાણાની સરકારી શાળાના શિક્ષકે શાળાના બાળકોને અપાતા સિઝનલ ફ્રૂટના ફોટો પોસ્ટ કર્યા હતા. તે જોઈને અનેક નામી–અનામી દાતાઓ હવે શાળાના બાળકોને ફ્રુટ આપવા માટે આગળ આવ્યા છે. સરકારી શાળાના ગરીબ બાળકોને હવે કેરી, કેળા, ચીકું, દ્રાક્ષ સંતરા જેવા ફ્રુટ મળતા થયા છે. માર્ચ મહિનાથી શરૂ થયેલા આ સેવાકાર્યમાં અત્યાર સુધીમાં ૧૯ વખત દાતાઓ દ્વારા શાળાના બાળકોને ફ્રુટ આપવામાં આવ્યું છે. સોશિયલ મીડિયાનો સદઉપયોગ : દાહોદના ચંદવાણાના શિક્ષકની એક પોસ્ટથી સરકારી શાળાના ગરીબ બાળકોને ભોજન સાથે ફ્રૂટ મળતા થયા.

દાહોદ જિલ્લાની એક સરકારી શાળાના શિક્ષક સોશિયલ મીડિયાનો સદઉપયોગ કરી સરકારી શાળાના અનેક ગરીબ વિદ્યાર્થીઓ માટે મદદરૂપ બન્યા છે. ચંદવાણાની સરકારી શાળાના શિક્ષકે શાળાના બાળકોને અપાતા સિઝનલ ફ્રૂટના ફોટો પોસ્ટ કર્યા હતા. તે જોઈને અનેક નામી–અનામી દાતાઓ હવે શાળાના બાળકોને ફ્રુટ આપવા માટે આગળ આવ્યા છે. સરકારી શાળાના ગરીબ બાળકોને હવે કેરી, કેળા, ચીકું, દ્રાક્ષ સંતરા જેવા ફ્રુટ મળતા થયા છે. માર્ચ મહિનાથી શરૂ થયેલા આ સેવાકાર્યમાં અત્યાર સુધીમાં ૧૯ વખત દાતાઓ દ્વારા શાળાના બાળકોને ફ્રુટ આપવામાં આવ્યું છે.

દાહોદ તાલુકાના ચંદવાણા ગામના ડામોર ફળિયામાં આવેલી વર્ગ પ્રાથમિક સરકારી શાળામાં જિગ્નેશ સંચાણિયા શિક્ષક તરીકે ફરજ બજાવે છે, તે યુવાન છે અને આજના યુવાનોની માફક તે પણ સોશિયલ મીડિયાના પ્રભાવમાં છે. જો કે સોશિયલ મીડિયાનો સદઉપયોગ કેવી રીતે થઈ શકે તે આ શિક્ષક પાસેથી શીખવા જેવુ છે. આ શિક્ષક ફેસબુક પર તેના ૯ હજાર ફોલોઅર્સ ધરાવે છે તેમજ ઈન્સ્ટાગ્રામ પર તેમના ૨ હજારથી વધુ ફોલોઅર્સ હોવાનું તેમણે જ જણાવ્યુ છે. જો કે સોશિયલ મીડિયાના ફોલોઅર્સનો તેમને કેટલો લાભ થયો છે તે જાણવું રસપ્રદ છે. ફળો આપવાના ફોટો પોસ્ટ કર્યાને ફોલો ફ્રેન્ડ દ્વારા સહયોગ શરૂ થયો.

ચંદવાણાની પ્રાથમિક શાળામાં ૩૦૦ થી વધુ ગરીબ આદિવાસી બાળકો અભ્યાસ કરે છે. તેઓને મધ્યાહ્ન ભોજન યોજનાના મેનુ મુજબ દરરોજ એક ટાઈમ શાળામાં જ ભોજન આપવામાં આવે છે. કારણ કે બાળકોને શાળામાં જ ભોજન આપવામાં આવે તો પરિવારને પણ ફાયદો થાય છે તેમજ બાળકોને પોષણ પણ મળી શકે છે. ત્યારે જિગ્નેશ સંચાણીયાને એવો વિચાર આવ્યો કે બાળકોને મધ્યાહ્ન ભોજન સાથે વધારાનું શું આપી શકાય ? જેથી બાળકોને વધુ પોષક તત્વો મળે બીજી તરફ હાલમાં ઉનાળો શરૂ થઈ ચુક્યો છે. ત્યારે પાણીજન્ય ફળફળાદી આપવાનુ આ શિક્ષક દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

હવે ફળફળાદિ ભોજનની સાથે આપવાનું શરૂ કર્યા બાદ શિક્ષક દ્વારા તેના ફોટોગ્રાફસ અને વીડિયો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવામાં આવતા હતા. આ પોસ્ટ જોઈને શિક્ષકના ફોલોઅર્સ દ્વારા આ કામગીરીમાં રૂચિ બતાવવામાં આવી હતી. એક પછી એક કેટલાયે ફોલોઅર્સ દ્વારા બાળકોને ફળ ફળાદિ આપવા સહાય શરૂ કરવામાં આવી છે. ગામડાના બાળકો દ્રાક્ષ, ચીકુ, નારંગી પછી હવે કેરીની મઝા પણ માંણી રહ્યા છે. તારીખ ૧ માર્ચથી આજ દિન સુધીમાં બાળકોને ૧૯ વખત નામી અનામી દાતાઓના સહયોગથી ફળફળાદિ આપી શકાયા છે. જેમાં દ્રાક્ષ, ચીકુ, નારંગી તેમજ હવે કેરી પણ બજારમાં આવી જતા ગરીબ બાળકોને ભોજન સાથે જુદા જુદા ફળનો રસાસ્વાદ માંણવા પણ મળી રહ્યો છે. આગામી દિવસોમા પણ સહયોગ યથાવત જ રહેશે અને આ સિવાય પણ અન્ય રીતે પણ બાળકોને મદદ કરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં લોહીની ઉણપના સંખ્યાબંધ દર્દી

દાહોદ જિલ્લામાં સીકલસેલ એનેમિયાનો ભોગ બનનારાની ઘણી મોટી સંખ્યા છે. જેમાં સવિશેષ મહિલાઓ હોય છે. ત્યારે આ રોગ વારસાગત હોવાથી બાળકોમાં પણ સીકલસેલ એનેમીયાના કારણે લોહીની ઉણપ જોવા મળે છે. ત્યારે સરકાર દ્વારા મધ્યાહ્ન ભોજન અને પીએમ પોષણ યોજનાના માધ્યમથી બાળકો અને ખાસ કરીને તરૂણીઓમાં લોહીની ઉણપ દુર કરવા માટે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે પ્રાથમિક શાળાના બાળકોને જ ભોજન સાથે ફળ ફળાદિ નિયમિત રીતે મળી શકે તો તેમના શરીરમાં જરૂરી તત્વો મળી શકે છે.

## દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર પોલીસે નાકાબંધી દરમિયાન ટવેરા ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,
દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ટોલનાકા પરથી પીપલોદ પોલીસે એક ટવેરા ગાડીમાંથી પરપ્રાંતિય વિદેશી દારૂના જથ્થા સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો. પિપલોદ પોલીસે ઝડપાયેલા આરોપીનો ફોટો ફેસટ્રેગર એપ્લિકેશનમાં સર્ચ મારતા વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયેલો ચાલક છ વર્ષ અગાઉ વિવિધ જિલ્લામાં વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે.

ઈન્દોર–અમદાવાદ નેશનલ હાઈવે જાણે બુટલેગરો માટે સ્વર્ગ સમાન સાબિત થઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. આ નેશનલ હાઈવે પરથી બુટલેગરો મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનના રસ્તેથી વિદેશી દારૂનો જથ્થો ગોધરા વડોદરા સહિતના મહાનગરોમાં કટીંગ માટે લઈ જતા હોવાનું સામે પણ આવ્યું છે. જોકે, વિદેશી દારૂની બદીને કડક રીતે ડામી દેવા દાહોદ જિલ્લા પોલીસ પણ સક્રિય બની છે.ત્યારે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર પીપલોદ નજીક ભથવાડા ટોલનાકા પરથી પોલીસ દ્વારા અવારનવાર વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી હોય છે. ત્યારે આજે પુનઃ એક વખત પીપલોદ પોલીસ મથકના પી.એસ.આઈએ વિદેશી દારૂના જથ્થા સાથે ચાલકને ઝડપી પાડ્યો છે. જેમાં અમદાવાદ જિલ્લાના ખાતેના રહેવાસી પાર્થ હર્ષદ ગોસ્વામી પોતાના કબજા હેઠળની Gj-06-LS-7377 નંબરની ટવેરા ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ગોધરા તરફ જઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં ભથવાડા ટોલનાકા પણ પીપલોદ પોલીસ મથકના પીએસઆઈ જી.બી.પરમાર દ્વારા નાકાબંધી કરી આવતા જતા તમામ વાહનોને ચેક કરી રહ્યા હતા. એ સમયે ઉપરોક્ત ટવેરા ગાડી ત્યાંથી પસાર થતા નાકાબંધી દરમિયાન ઉભેલી પોલીસે ગાડીને રોકી ઉસકો અપના માધ્યમથી સર્ચ કરી ગાડીની તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી ૧૮૦ બોટલ મળી ૩૦,૪૭૨ રૂપિયાનો વિદેશી દારૂ તેમજ ૧.૫૦ લાખની ટવેરા ગાડી, ૮૦૦૦ કિંમતના ત્રણ મોબાઈલ ફોન મળી ૧.૮૦,૪૭૨ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તો પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલા ખેપીયાનો ફોટો ફેસટેગરમાં સર્ચ મારતા આ ખેપીયો છ વર્ષ અગાઉ બોટાદ તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં ચાર ગુનાઓમાં વોન્ટેડ હોવાનું સામે આવ્યુ હતું.

## દે.બારીયા શહેરમાં ઈદુલ ફીત્રની શાનદાર ઉજવણી કરાઈ

દે.બારીયા,
પવિત્ર રમઝાન માસ પુરો થતાં સાથે ઈદનો ચાંદ દેખાયો તા.૨૧/૦૪/૨૦૨૩ના શનિવાર નારોજ આપણા ભારત દેશમાં ભિન્ન ભિન્ન જાતિ અને સમુદાયનો દેશ છે. એટલે તો ગંગા, જમના તેહજીબના લુહામણા નામે પ્રખ્યાત આપણો પ્યારો ભારત વતનના દે.બારીયા શહેરમાં ઈદુલ ફીત્રની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ઈહનો પર્વ પવિત્ર રમઝાન માસમાં ૨૯ રોઝા (ઉપવાસ) રાખવામાં આવ્યા હતા. ઉપવાસ રાખવા માટે સવારે વહેલી પરોઢે શહેરી ખાવામાં આવતી હોય અને સાંજે ૭.૦૦ કલાકે સુધી કંઈ પણ ખાધાપીધા વગર લગભગ ૧૪ કલાકનો સમય પસાર કરવો તેને ઉપવાસ કરવો કહે છે. જે નાના ભુલકાં સહિત સ્ત્રી, પુરૂષ રોઝા રાખતા હોય છે. જે પાંચ વર્ષનું નાનું બાળક પહેલો રોઝો રાખે તે દિવસે અનોખું માહોલ જોવા મળે છે. જે નાનું બાળક પ્રથમ રોઝો રાખે તેને તમામ આડોશ પાડોશ તથા સગાવ્હાલાં તેને ઈનામના રૂપે સો–પચ્ચાસ રૂપીયા પહેલો રોઝો રાખનાર બાળકને આપવાનો રિવાઝ છે. તેને પ્રોત્સાહન માટે છે. ઈદની વિશેષ નમાઝ ઈદગાહ તથા મસ્જીદોમાં અદા કરવામાં આવે છે. ઈદની નમાઝનો સમય રઝા મસ્જીદમાં ૭–૪૫, મદીના મસ્જીદ ધાનપુર રોડ ૭.૪૫ તેમજ સુન્ની જામા મસ્જીદ કસ્બામાં ૮.૦૦ કલાક રાખવામાં આવ્યો હતો. તેમાં તમામ આલમ તથા માથું ઉચકતો કોરોના જેવો જીવલેણ રોગ નાબુદી માટે પણ દુઆ કરવામાં આવી હતી.

યથા શકિત મુજબ નવા કપડાં પહેરી ઈદની મુબારક બાદ એકબીજાને આપતા હોય છે. ઈદના પર્વ પહેલાથી જીલ્લાના તમામ મુખ્ય પોલીસ સ્ટેશનોમાં શાંતિ સમિતિની બેઠકોનો દોર શરૂ કરાયો જોવા મળી રહ્યો હતો. જે દે.બારીયા શહેરમાં દેખવામાં આવ્યો ન હતો. ઈદના દિવસે મુસ્લીમ બહુલ્ય વિસ્તારો તેમાં ખાસ કરીને મસ્જીદો પાસે જડબે સલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો દેખવા મળ્યો હતો. આ વખતે જીલ્લાના પોલીસવડાએ કાયદો વ્યવસ્થામાં કોઈ કમી ના રહે તેનું પુરતું ધ્યાન રાખવા જોવામાં આવ્યું હતું. તે બિરદાવા લાયક છે. જેના કારણે જ વિવિધ સમુદાયના રાષ્ટ્રીય તહેવારો શાંતિ પૂર્વક સાથે ઉજવાઈ રહ્યા છે. તેનો શ્રેય આવા બાહોશ પોલીસ અફસરોના કાર્યશૈલીના ઉમદા તટસ્થતાને સેલ્યુટ છે.

## ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજ દ્વારા સોમનાથ મહાદેવ મંદિરે પરશુરામ જન્મોત્સવની ઉજવણી કરાઈ

ઝાલોદ,
ઝાલોદ નગરના સોમનાથ મંદિર ખાતે આજ રોજ તારીખ ૨૨–૦૪–૨૦૨૩ શનિવારના રોજ સાંજે ૭:૩૦ કલાકે સીમાવર્તી બ્રહ્મ સમાજના સહુ લોકો પરશુરામ જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે ભેગા થયેલ હતા. સહુ પ્રથમ સહુ બ્રહ્મ સમાજના પાયાના કાર્યકર્તાઓ દ્વારા દિપ પ્રજવલિત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ વર્ષ દરમ્યાન બ્રાહ્મણ સમાજના પરિવારો માંથી મૃત થયેલ આત્માની શ્રદ્ધાંજલિ પેટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. સાથે સાથે હાલમાં જમ્મુ કાશ્મીરની પૂંછ બોર્ડર પર શહિદ થયેલ પાંચ જવાનો માટે પણ બે મિનિટનું મૌન પાળવામાં આવેલ હતું. તેમજ આ નિંદનીય આતંકી હુમલાને સીમાવર્તી બ્રહ્મ સમાજના ઉપસ્થિત સહુ લોકો દ્વારા શખ્ત શબ્દોમાં વખોડવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઉપસ્થિત સહુ ભૂદેવો દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પરશુરામ ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

પરશુરામ જન્મોત્સવ નિમિત્તે સમાજના વડીલ ઝાબરમલ શર્મા દ્વારા આજના સમયમાં સમાજને એક નવી શક્તિ તેમજ જોશ ભેર એકતા દર્શાવી કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો. રાજસ્થાન માંથી આવેલ અને વર્ષો થી નગરના બ્રહ્મ સમાજ સાથે જોડાયેલ બાંસવાડા વિપ્ર ફાઉન્ડેશનના ઉપપ્રમુખ કૈલાશજી પારીખ દ્વારા સમાજને નવી દિશા આપવા માટે હાકલ કરી હતી અને તે માટે તેમના દ્વારા નગરમાં વિપ્ર ફાઉંડેશનની રચના કરવામાં આવી હતી. વિપ્ર ફાઉંડેશન ઝાલોદના પ્રમુખ તરીકે કૌશિક દવે, સેંક્રેટરી તરીકે કૈલેશ ઉપાધ્યાય તેમજ કોષાધ્યક્ષ તરીકે વિજય શર્માની નિયુક્તિ સર્વ સંમતિથી કરવામાં આવી હતી.

વિપ્ર ફાઉંડેશન રાજસ્થાનથી ઝાબરમલજી શર્મા રમાકાંતજી પારીખ ,દિનેશજી દીક્ષિત, કૈલાશજી પારીખ,રમેશજી શર્મા, રમાકાંતજી શર્મા, ક્રિષ્ણા પારીખ ,સુનિલ પારીખ ,મૂકેશ પારીખ તેમજ અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.

ઝાલોદ નગરના સીમાવર્તી બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા સહુ ઉપસ્થિત લોકોનું આભાર માની સહુ લોકોએ છેલ્લે આરતી કરી મહાપ્રસાદ પણ સાથે લીધો હતો. સમાજના સહુ લોકોની સંમતિ થી ૨૦૨૪ નો પરશુરામ જન્મોત્સવની ઉજવણી ગાંગડતલાઈ કરવા માટે સહુ લોકો દ્વારા સંમતિ આપવામાં આવી હતી.

## દાહોદમાં ગરમીથી રાહત મેળવવા માટે વેપારીઓનો જુગાડ



દાહોદ,
એપ્રિલના મધ્યમાં દાહોદ સહિત આસપાસના વિસ્તારોમાં કાળજાળ ગરમી પડી રહી છે. દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીના કારણે હાલત કફોડી બની છે. એપ્રિલના મધ્યમાં જ તાપમાનનો પારો મહત્તમ સપાટીએ પહોંચતા લોકો ગરમીથી રાહત મેળવવા માટે કામ વગર ઘરથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.એસી કુલર, પંખા જેવા યાંત્રિક ઉપકરણોનો સહારો લઈ રહ્યા છે. ત્યારે બીજી તરફ આવી આકરી ગરમીમાં શહેરમાં ટ્રાફિકની ધમધમતા અને હાર્દ સમા ગણાતા એમજી રોડના કેટલાક વેપારીઓએ રસ્તાને ગ્રીન નેટથી કવર કરી ગરમીથી રાહત મેળવવા માટે નોખો રસ્તો અપનાવ્યો છે.

## દાહોદ પાલિકા દ્વારા પ્રિમોન્સુન કામગીરીની શરૂઆત કરી



ચોમાસાના પ્રારંભ પૂર્વે આ વર્ષે દાહોદ નગરપાલિકા ચોમાસાના બે મહિના પૂર્વે જ આગોતરા આયોજન સાથે અખાત્રીજના દિવસથી જ દાહોદ શહેરમાં પ્રિમોન્સૂનની કામગીરી હાથ ધરી થઈ હતી. દાહોદ શહેરના ગોવિંદ નગર, સ્ટેશન રોડ, ગોધરા રોડ, ગોદી રોડ જેવા વિસ્તારોમાં ઉભરાતી ગટરો, ગટરના ઢાંકણાઓનું સમારકામ, ચોકઅપ થયેલી લાઈનોનું સમારકામ તેમજ આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પાલિકાના સફાઈ કર્મીઓ મારફતે પ્રિ મોનસુનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં કેટલા કેટલા સમયથી ઉભરાતી ગટરો ઠેર ઠેર ગંદકીના સામ્રાજયથી સ્થાનિક રહેવાસીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. જે બાબતની ગંભીરતા ને લઈ દાહોદ નગરપાલિકા સફળ જાગી હતી અને ચોમાસા પહેલા પ્રિમોન્સૂનની કામગીરી હાથ ધરી હતી.

દાહોદ શહેરમાં અખાત્રીજના દિવસથી દાહોદ નગરપાલિકા દ્વારા પ્રીમોનની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. અનેક સ્થળોએ ગટરથી લઈ અસ્વચ્છતાના સ્થાને પ્રિમોન્સ ની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગટર લાઈનોની સાફ–સફાઈ, ચોકઅપ થયેલી લાઈનોનું સમારકામ જેવી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## ઝાલોદ વિશ્વકર્મા મંદિરનો ૪૬મો પાટોત્સવ પંચાલ સમાજ દ્વારા ઉજવવામાં આવ્યો

ઝાલોદ,
ઝાલોદ પંચાલ સમાજના ઈષ્ટ દેવતા વિશ્વકર્મા ભગવાનના મંદિરનો ૪૬મો પાટોત્સવ આજરોજ ૨૨–૦૪–૨૦૨૩ શનિવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પાટોત્સવની ઉજવણી નિમિત્તે પંચાલ સમાજના સહુ લોકો હાજર રહ્યા હતા. આજના પાટોત્સવ નિમિત્તે ભગવાન વિશ્વકર્મા ભગવાનનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.તેમજ અખાત્રીજના પાવન પર્વને અનુલક્ષીને વિશ્વકર્મા દાદાના વિવિધ ફળોના હિંડોળા પણ રાખવામાં આવેલ હતા.

વિશ્વકર્મા દાદાના પાટોત્સવ સંદર્ભે પંચાલ સમાજ દ્વારા પંચાલ સમાજની ઈંટ બનનાર પાયાના કાર્યકરો દ્વારા વિશ્વકર્મા દાદાની આરતી કરાવડાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. મંદિરના પાટોત્સવ પ્રસંગે સમાજના સહુ લોકો હાજર રહી સમાજની એકતા દર્શાવી હતી. આજના પાટોત્સવનુ આયોજન પંચાલ સમાજની વિવિધ સમિતિ દ્વારા કરવામાં આવ્યુ હતું.

## દાહોદ રેલ્વે ટ્રેન બી કેબીન પાસે અજાણ્યા વ્યકિત ટ્રેનથી અડફેટમાં આવી જતાં મોત

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલ રેલ્વે ટ્રેન બી. કેબીન પાસે એક અજાણ્યા વ્યક્તિ ચાલુ ટ્રેનની ઝડપે આવી જતા તેનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ હતું. ઘટનાની જાણ થતા રેલ્વે પોલીસ ઘટના થોડા દોડી ગઈ હતી.દાહોદ શહેર માંથી પસાર થતા દિલ્હી–મુંબઈ રેલ્વે માર્ગ બી. કેબીન પાસે આજરોજ ચાલુ ટ્રેક પર એક ટ્રેન પસાર થતાં તેની અડફેટે એક અજાણ્યા ઈસમ આવી જતા ઘટના સ્થળ પર તેમનું મોતની નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોક ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ રેલ્વે પોલીસને થતા રેલવે પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. મૃતકના મૃતદેહને ને નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ત્યારે તેના વાલી વારસની શોધ પર પણ પોલીસે હાથ ધરી છે.

## દે.બારીયાના પીપલોદ ગામે જાહેરમાં જુગાર રમતા છ જુગારીયા ઝડપાયા



દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ ગામે તળાવની પાળ ઉપર ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા છ જુગારીઓને પીપલોદ પોલીસે ઝડપી પાડી તેઓની પાસેથી રોકડા રૂપિયા ૧૦,૮૮૦/– ની રોકડ રકમ સાથે તમામ જુગારીઓને જેલના સળિયા પાછળ થકી લીધી જાણવા મળે છે. ગતરોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે પિપલોદ ગામે બારીઆ રોડ પર તળાવની પાળ ઉપર ખુલ્લી જગ્યામાં જાહેરમાં પાના પત્તા વડે પૈસાથી હારજીતનો જુગાર રમતા જાવેદ અબ્દુલ લતીફ ચૌહણ, સેજદ હુસૈન પઠાણ, સરફરાજ કરીમ ચૌહણ, મસ્તકિમ અબ્દુલ સલામ, અશોકભાઈ કાંતિલાલ સેઠ અને ઈમરાનખાન મહેમુખખાન પઠાણ નાઓને પોલીસે ઝડપી પાડી તેઓની પાસે રોકડા રૂપિયા ૧૦,૮૮૦/– રોકડ રકમ તેમજ પાના પત્તા વિગેરે મુદ્દામાલ કબજે કરી આ સંબંધે પીપલોદ પોલીસે ઉપરોકત તમામ જુગારીઓ વિરૂદધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.206

# ગોધરા માં કુતરાનો આતંક : છેલ્લા ૪૮ કલાકમાં ૪૨ લોકો કુતરાના આતંકના ભોગ બન્યા





- ૬ દર્દીઓ કુતરા કરડવાથી ગંભીર ઈજાગ્રસ્ત થતાં વડોદરા ખસેડયા.
- પાલિકા તંત્ર શહેરમાં રખડતા કુતરાના આંતક દુર કરવામાં નિષ્ફળ.
- પાલિકા તંત્ર કુતરાના આંતકને દુર કરવામાં જીવદયાવાળાની કાર્યવાહીથી બચી રહ્યા છે.

ગોધરા,

ગોધરા શહેરમાં રખડતા કુતરાનો આતંક વધ્યો છેલ્લા ૪૮ કલાકમાં શહરેના વિવિધ વિસ્તારોમાં ૪૨ લોકોને કુતરા કરડવાના કેશ સામે આવ્યા છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલ દર્દીઓ પૈકી ૬ દર્દીઓને વડોદરા ખાતે ખસેડવામાં આવ્યા છે. રખડતા કુતરાના આતંકથી નગરજનો બાનમાં મુકાયા હોય તેવી સ્થિતી પાલિકા તંત્ર રખડતા કુતરા માટે કાર્યવાહી કરવા માંથી બચી રહી છે.ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા કુતરાનો આતંક સામે આવ્યો છે. નગરમાં રખડતા કુતરાની સંખ્યા વધી રહી છે. તેમાં પણ છેલ્લા કેટલાક સમયથી કુતરા કરડવાના કિસ્સાઓ વધી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારમાં રખડતા કુતરા કરડવાનો છેલ્લા ૪૮ કલાકમાં ૪૨ લોકોને અચાનક કુતરા બચકા ભરીને ઈજાઓ પહોંચડતા હોય છે. કુતરાના હુમલાથી ડરીને લોકો તેના પ્રતિકાર કરવાથી સ્થિતી પણ રાખી શકતા નથી. ગોધરામાં ૪૮ કલાકમાં ૪૨ લોકો કુતરા કરડવાના કિસ્સાઓમાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા છે. જેમાં કુતરા કરડવાથી ગંભીર ઈજાગ્રસ્ત ૮ દર્દીઓને વડોદરા રીફર કરવામાં આવ્યા છે. ગોધરા પાલિકા વિસ્તારમાં રખડતા કુતરાના વધી રહેલા આતંક છતાં પાલિકા તંત્ર કોઈ કાર્યવાહી કરવા તૈયાર નથી. ભુતકાળમાં શહેરમાં રખડતા કુતરા ત્રાસથી છુટકારો અપાવવા માટે કુતરા પકડવાનું પાંજરૂ બનાવી કર્ણાટક ખાતેથી કુતરા પકડવા માટે ખાસ ટ્રેનર ટીમને બોલાવીને કાર્યવાહી કરાઈ હતી પરંતુ હાલના પાલિકા સત્તાધિશોને નગરજનોને રખડતા કુતરા કરડવાના આંતકનુ દુર કરવા કાર્યવાહી કરવા તૈયારી બતાવી રહી નથી અને જો રખડતા કુતરાઓ માટે કોઈ કાર્યવાહી કરીએ તો જીવદયાવાળાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે શું પાલિકા તંત્ર જીવદયાના નામે લોકોને કુતરા કરડવાના બનાવીથી છુટકારો અપાવે હાલ સ્કુલોમાં પરીક્ષા પુરી થતાં બાળકો ઘરે હોય અને ઘર બહાર રમતા હોય તેવા સમયે આવા રખડતા કુતરાઓનો ભોગ બની શકે છે. રાજયમાં અત્યાર સુધી ૫ થી ૭ બાળકોને કુતરાએ ફાડી ખાવાના કિસ્સા પણ બની ચુકયા છે. ત્યારે આવો કોઈ બનાવ બને પછી પાલિકા તંત્ર કાર્યવાહી કરશે તે જોવું રહ્યું.

### નગર પાલિકાના અધિકારીઓ ઘોર નિંદ્રામાં....

જોકે, આ સમગ્ર મામલે ગોધરા નગર પાલિકાએ તો અચંબામાં પાડી દે તેવી વાત કરતા જણાવ્યું છે કે, અમે રખડતા શ્વાન મામલે કશું કરી શકીએ તેમ નથી. કારણ કે, જીવદયાવાળા આ બાબતે અમને કશું કરવા દેતા નથી. શ્વાનને પકડવા એ તો પાપ છે, તેવું જીવદયાવાળા પાલિકાને કહીને શ્વાન પકડવા દેતા નથી. ગોધરા પાલિકાના ઈન્ચાર્જ સેનેટરી ઈન્સપેક્ટર જણાવી રહ્યા છે કે અમને ફરિયાદ તો મળે છે, પરંતુ આ સમસ્યાને લઈ હાલ કઈ થઈ શકે તેમ નથી.

### કેટલાક ઈન્જેકશનો ઉપલબ્ધ નહિ હોવાના કારણે ભોગ બનનારને વડોદરા રિફર કરવામાં આવે છે....

શ્વાન કરડયા બાદ હડકવા થતો અટકાવવા અને થવાની સંભાવના વચ્ચે ભોગ બનનારને ઈન્જેકશન મુકવામાં આવે છે. જેના ચાર ડોઝ ભોગ બનનારને લેવા પડતા હોય છે.આ ડોઝ સામાન્ય ઈજાઓ દરમિયાન આપવામાં આવતો હોય છે, પરંતુ શ્વાન કરડવાથી વધુ પડતી ઈજાઓ અને ઊંડો ઘા થાય ત્યારે એન્ટી રેબીઝ સિરમનો ડોઝ ઉપરાંત અન્ય એક ખાસ ઈન્જેકશન ભોગ બનનારને આપવામાં આવતો હોય છે. જેમાં મસ્ક્યુલર અને જયાં ઘા થયો હોય ત્યાં આ ઈન્જેકશન આપવામાં આવતું હોય છે. આ ઈન્જેકશન ગોધરા સિવિલ હોસ્પિટલમાં હાલ છેલ્લા કેટલાક દિવસોથી ઉપલબ્ધ નહિં હોવાના કારણે ભોગ બનનારને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વડોદરા રીફર કરવામાં આવી રહ્યા છે.

## ગોધરા એલસીબી પોલીસે ટીંબા પાસેના હાઈવે માર્ગ ઉપરથી લેલેન્ડ ટ્રક માથી રૂપિયા ૨૪,૪૮,૮૪૦ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો..



ગોધરા

ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સેવાલિયા તરફ જવાના હાઈવે માર્ગ ઉપર ટીંબા પાસેથી વિદેશી દારૂ ભરેલ લેલેન્ડ ટ્રક પકડી પાડી હતી. પોલીસે અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની પેટીઓ કુલ નંગ- ૪૪૨ તેમજ ટ્રક મળીને કુલ રૂપિયા ૩૪,૫૩,૮૯૦ ના મુદ્દામાલ સાથે આંતર રાજય દારૂના ખેપીયાને પકડી પાડી ને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી નાઓને અત્રેના જિલ્લામાં દારૂની અસામાજીક પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ તે સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સ્પેકટર એન.એલ. દેસાઈ એલ.સી.બી. ગોધરા નાઓએ એલ.સી.બી. સ્ટાફના અધિકારી તથા કર્મચારીઓને પ્રોહીબીશનની હેરાફેરી કરતા ઈસમો ઉપર વોચ રાખી રેઈડો કરવા સુચના કરેલ હતી.જે સુચના અન્વયે કેહજીભાઈ સંચાભાઈ આ.હે.કો. એલ.સી.બી. ગોધરા નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક અશોક લેલેન્ડ ટ્રક નંબર યુ.પી. ૧૪ એચ,ટી, ૮૯૧૮ ની બંધ બોડીમાં ભારતીયા બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી લઈ અશોક લેલેન્ડ ટ્રકનો ચાલક દાહોદ તરફથી રવાના થયેલ છે. અને તે અમદાવાદ તરફ જનાર છે તેવી મળેલ બાતમી આધારે એસ.આર.શર્મા પો.સ.ઈ. એલ.સી.બી. ગોધરા તથા એલ.સી.બી. સ્ટાફના માણસોએ ટીંબા ગામે હાઈવે રોડ ઉપર પ્રોહી નાકાબંધી કરી બાતમી મુજબની અશોક લેલેન્ડ ટ્રક નંબર યુ.પી. ૧૪ એચ.ટી. ૮૯૧૮ ને તેના ચાલક સાથે પકડી પાડી અંદરના ભાગમાં તપાસ કરતા દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે દારૂ ભરેલ લેલેન્ડ ટ્રક ને પોલીસ મથક ખાતે લાવીને જરૂરી કાર્યવાહી કરી હતી.દારૂની ૪૪૨ નંગ પેટી તેમજ લેલેન્ડ ટ્રક મળી ને કુલ રૂપિયા ૩૪,૫૩,૮૯૦ ના મુદ્દામાલ સાથે આંતર રાજય દારૂના ખેપીયાને પકડી પાડી ને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## શહેરા નગરપાલિકા ટાઉન હોલ ખાતે તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સાધારણ સભા અને સન્માન સમારંભ યોજાયો હતો : જેમાં તાલુકા નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા



શહેરા,

શહેરા નગરપાલિકા ટાઉનહોલ ખાતે ગુજરાત રાજય પેન્શનર ફેડરેશનના પ્રમુખ નિર્મળસિંહ રાણાના અદયક્ષ સ્થાને તાલુકાના નિવૃત્ત કર્મચારી મંડળની સાધારણ સભા અને સન્માન સમારંભનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા નિવૃત્ત કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી આપવામાં આવતી નથી. તે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે તેવા પેન્શનરોના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી,સાથે જ સરકાર દ્વારા પેન્શનરોના મોંઘવારીના પ્રશ્નનો વહેલીતકે ઉકેલ લાવવામાં આવી તેવી માંગ કરાઈ હતી. આ ઉપરાંત યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત નિવૃત્ત કર્મચારીઓ પૈકી તા.૧ જાન્યુઆરી ૧૯૫૨ થી ૩૧ માર્ચ ૧૯૫૩ સુધીમાં જન્મેલા હોય અને જેમણે ૭૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા પેન્શનરોનું પણ મહાનુભવો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો સહિત નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ)ના કસનપુર પ્રા.શાળાના આચાર્ય વયનિવૃત્ત થતાં સાંસદ અને ધારાસભ્યની હાજરીમાં સમારંભ યોજયો



શહેરા,

મોરવા હડફ તાલુકાના કસનપુર ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા બારીઆ આરતસિંહ સમરસિંહ ૩૧/૫/૨૩ નાં રોજ વય નિવૃત્ત થતા તેમનો સન્માન સમારોહ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, સાંસદ રતનસિંહ રાઠોડ, તાલુકા ભાજપ અગ્રણી વિજયસિંહ પટેલ અને મહેન્દ્રસિંહ બારીઆની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. શાળા ખાતે રાખવામાં આવેલ વય નિવૃત્તિ સન્માન સમારોહમાં તાલુકાના અગ્રણીઓ તેમજ શાળા પરિવાર અને ગામના અગ્રણીઓ દ્વારા વિદાય લેતા આચાર્ય આરતસિંહ બારીઆને ફળ, સાલ ઓઢાડી અને તેમનું નિવૃત્તિ જીવન સુખમય નિવડે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે શાળા પરિવાર દ્વારા શાળામાં તેમની કરેલી કામગીરીને બિરદાવરી હતી. આ વય નિવૃત્તિ સન્માન સમારોહમાં સ્થાનિક ગ્રામજનો અને શાળામાં અભ્યાસ કરતા બાળકો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરામાં મુસ્લીમ બિરાદરોએ રમઝાન ઈદ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરી



શહેરા,

શહેરા સહીત સમગ્ર જિલ્લામાં રમજાન ઈદના પર્વને લઈને મુસ્લિમ બિરાદરોમાં અનેરો આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળવા સાથે ઈદની વિશેષ નમાજ અદા કરી હતી.

શહેરા સહિત જીલ્લાભરમા ઈદ ઉલ ફિત્ર ની મુસ્લિમ સમાજ દ્વારા ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઈદગાહ ખાતે ઈદ ની વિશેષ નમાઝ મુસ્લિમ બિરાદરો દ્વારા અદા કરવામાં હતી. મુસ્લિમ વિસ્તારમાં ઠેર ઠેર મુસ્લિમ સમાજના લોકો પોતાના પરંપરાગત પોશાક પહેરેલા જોવા મળી રહયા હતા. ઈદની ખુશીમાં મુસ્લિમ બિરાદરોએ એક બીજાને ગળે લગાવી અંતઃકરણ થી ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. શહેરા, હાલોલ, કાલોલ સહિત જીલ્લાભરમાં મુસ્લિમ બિરાદરોમાં ઈદના પર્વને લઈને અનેરો આનંદ અને ઉત્સાહ જોવાઈ રહયો હતો.

## ઘોઘંબા તાલુકા મથકે રજપુત ફળિયામાં મારૂતિ કંપનીની ઈકો સીએનજી ગાડી બળીને ભડથું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા ગામમાં રહેતા જીગરકુમાર દિલીપભાઈ દરજીની પોતાની માલિકીની સીએનજી ઈકો મારૂતિ કંપનીની ગાડીમાં શોર્ટ સર્કિટ થતા અચાનક આગ લાગી હતી. આસપાસના રહીશોની નજર પડતા બૂમાબૂમ કરી મોટી સંખ્યામાં લોકો ટોળા ભેગા થઈ ગયા હતા. પરંતુ જોતા જોતામાં ગાડી સળગીને ખાખ થઈ ગયેલી. જીગરકુમાર દરજી થોડા સમય પહેલા પોતાના પરિવાર અને સગા સંબંધી સાથે બહાર ગામ ગયેલા હતા. તે પરત થઈને ગાડી પાર્ક કરીને પોતાના ઘરે ગયા. એટલામા તેની પાંચ જ મિનિટમાં ગાડીમાં પોતાની જાતે જ આગ ભભૂકી ઉઠી હતી. ગામના લોકો ભેગા થઈ અને સ્થાનિક કક્ષાએ પાણીના ટેન્કરથી આગ ઓલવવાના પ્રયત્ન કર્યા હતા તથા ગુજરાત કલોરો કેમિકલ રણજીત નગરમાંથી ફાયર બ્રિગેડ સિસ્ટમના જવાનો દ્વારા આગને કાબુમાં લેવામાં આવી હતી. આટલી મોટી અકસ્મિક ઘટના બનવા છતાં કોઈ જાન હાની થઈ નથી.

## ઘોઘંબાના પોચલી જાંબુઘોડા રોડ ઉપર ડીજે ટેમ્પો પલ્ટી જતાં દબાઈ ગયેલ યુવકનું મોત નિપજાવા પામ્યું



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના પોચલી નજીક જાંબુઘોડા માર્ગ ઉપર ડીજેનો ટેમ્પો પલ્ટી ખાઈ જતાં ટેમ્પામાં બેઠેલ યુવક દબાઈ જતાં ગંભીર ઈજાગ્રસ્ત યુવકનું મોત નિપજાવા પામ્યું. જ્યારે અન્ય બે વ્યકિતને સામાન્ય ઈજાઓ થવા પામી.પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના પોચલી નજીક જાંબુઘોડા માર્ગ ઉપર ડીજેનો ટેમ્પો જઈ રહ્યો હતો. જે ઢાળમાં ટેમ્પો પાછો પડીને પલ્ટી ખાઈ ગયો હતો. ડીજેનો ટેમ્પો પલ્ટી જતાં ટેમ્પોમાં રાખેલ વજનદાર જનરેટર સેટની વચ્ચે મુકેશભાઈ લક્ષ્મણભાઈ બારીયા નામના યુવકને ડીજે નીચેથી ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યો પરંતુ યુવકનું મોત નિપજાવા પામ્યું હતું. જયારે બે વ્યકિતઓને સામાન્ય ઈજાઓ પહોંચી ડીજે ટેમ્પો પલ્ટી જવાની ઘટનાને લઈ રાજગઢ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

## ઘોઘંબાના રીંછીયા ગામે ધોળા દિવસે ખેતરમાં કામ કરતાં યુવક ઉપર દિપડાએ હુમલો કરી ઈજાઓ પહોંચાડી



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રીંછીયા ગામે ધોળા દિવસે ખેતરમાં કામ કરતાં યુવક ઉપર ખેતરમાં છુપાઈ રહેલા દિપડાએ હુમલો કરી ઈજાઓ પહોંચાડતા સારવાર માટે ઘોઘંબા રેફરલમાં ખસેડી વધુ સારવાર માટે રિફર કરવાની તજવીજ હાથ ધરી છે.

ઘોઘંબા તાલુકાના રીંછીયા ગામે રહેતા રાહુલ રાઠવા પોતાના ખેતરમાં દિવસે કામ કરી રહ્યા હતા. તે દરમિયાન ખેતરમાં છુપાઈ રહેલા દિપડાએ યુવક ઉપર હુમલો કરીને ગંભીર ઈજાઓ પહોંચાડતા યુવકને ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને વધુ સારવાર માટે ગોધરા કે હાલોલ ખાતે રિફર કરવાની તજવીજ હાથ ધરી છે. ઘોઘંબા તાલુકામાં ત્રણ દિવસ પહેલા પણ ધોળા દિવસે ખેતરમાં છુપાઈ રહેલા દિપડાને રાહદારીને ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે દિપડાને પાંજરે પુરવામાં આવે તે જરૂરી છે.

## ગોધરામાં સંત નિરંકારી ભવન ખાતે બાબા ગુરબચનસિંહ મહારાજની યાદમાં માનવ એકતા દિવસ નિમિતે સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ગોધરા,

ગોધરામાં સંત નિરંકારી ભવન ખાતે બાબા ગુરબચનસિંહ મહારાજની યાદમાં માનવ એકતા દિવસ નિમિતે સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦કરતા વધુ રકતદાતાઓએ રકતદાન કરતા કેમ્પને સફળતા મળી હતી.

ગોધરા ભુરાવાવ વિસ્તારમાં આવેલ સંત નિરંકારી ભવન ખાતે બાબા ગુરબચનસિંહ મહારાજની યાદમાં માનવ એકતા દિવસ પર્વના અવસર પર સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. ૩૦૦ થી વધુ રક્તદાતા ઓએ ઉત્સાહપૂર્વક રકતદાન કરેલ હતું. તેમજ આ રક્તદાન શિબિરમાં પંચમહાલ જિલ્લાના નિવાસી અધિક કલેકટર એમ. ડી. ચુડાસમા તથા તેમના ધર્મપત્ની પણ હાજર રહીને આ રકતદાન શિબિરનું ઉદ્દઘાટન કર્યું હતું. આ રકતદાન શિબિરમાં દાહોદ ઝોનના ક્ષેત્રિય સંચાલક રાજેશભાઈ બચ્ચાંનીજી હાજર રહ્યા હતા. તેમને જણાવ્યું કે, બાબા ગુરબચન સિંહજીના જીવન અને ઉપદેશોમાંથી પ્રેરણા લઈને આપણે માનવતાની સેવામાં મહત્વનું યોગદાન આપવાનું છે. તેમને જણાવ્યું કે, આ શિબિરમાં સેવાદારીઓ એ ખૂબ જ સરસ રીતે વ્યવસ્થા કરી હતી. અંતમાં ગોધરા બ્રાન્ચના સંયોજક વિદ્યાદેવીએ આવેલ તમામ ધર્મપ્રેમીઓ, રકતદાતાઓ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ટીમનો આભાર વ્યકત કર્યો હતો.